# હોન્ડાએ ૧૩ હોન્ડા યંગ એન્જિનયર અને સાઇન્ટિસ્ટ્સ એવોર્ડ જાહેર કર્યા

ભારતમાં પ્રીમિયમ કાર્સની અગ્રણી નિર્માતા કંપની, હોન્ડા કાર્સ ઇન્ડિયા લિમિટેડ (HCIL)એ, ૨૦૧૯-૨૦ માટે ૧૩ યંગ એન્જિનયર એન્ડ સાઇન્ટિસ્ટ્સ (Y-E-S) એવોર્ડનું આયોજન કર્યુ હતું અને દેશભરમાં રહેલી ભારતની અગ્રણી અને પ્રતિષ્ઠિત વિજ્ઞાન ને ટેક્નોલોજી સંસ્થાઓ IIT ૧૪ વિદ્યાર્થીઓને એવોર્ડ પ્રદાન કર્યા છે. આ પ્રખ્યાત Y-E-S એવોર્ડ્સ, ભારતના અગ્રણી વિજ્ઞાનીઓ અને હોન્ડાના વરિષ્ઠ કાર્યકારીઓની બનેલી જ્યુરી દ્વારા ખૂબજ સાવધાનીપૂર્વકIIT અત્યંત તેજસ્વી પ્રતિભાઓને પ્રદાન કરાયા છે. Y-E-S કાર્યક્રમની તાજેતરની આવૃત્તિ સાથે, કંપનીએ છેલ્લા ૧૩ વર્ષમાં ૧૬૮ વિદ્યાર્થીઓની ઓળખ કરીને તેમને પારિતોષિકથી નવાજ્યા છે.

હોન્ડા કાર્સ ઇન્ડિયાના CEO અને પ્રમુખ શ્રી ગાકુ નાકાનિશીએ જણાવ્યું હતું કે, Y-E-S એવોર્ડના ૧૩ સંસ્કરણનું સફળતાપૂર્વકનું સમાપન જોવું અમારા માટે ગર્વની વાતછે. વિવિધ IIT ૪૯૫ કરતાં વધારે વિદ્યાર્થીઓ દ્વારા ભાગ લેવાયો હોવાને કારણે આ વર્ષે વિદ્યાર્થીઓ તરફથી પ્રાપ્ત થયેલો અનુભવ અને પ્રતિભાવ ખૂબ જ અપૂર્વ રહ્યો હતો. વિદ્યાર્થીઓ દ્વારા ઉત્તરોત્તર વર્ષો દરમિયાન પોતાના ઉદાહરણીય કાર્યને પ્રદર્શિત કરવા માટે તેમના રહેલા ઉત્સાહ અને તેમની ભાગીદારીને જોવી ખરેખર એક લ્હાવો છે. વધુમાં, પ્રત્યેક Y-E-S એવોર્ડ વિજેતા Y-E-S એવોર્ડ વત્તા, કંપની અથવા જાપાન સ્થિત અનુસંધાન સંસ્થાન ખાતે ઓફર કરવામાં આવતી અઢી મહિના (૧૦ મહિના)ની તાલીમ માટે લાયક બનશે અને તેના માટે તેમને ૭,૦૦૦ અમેરિકન ડોલર મળશે.